# ઘૂસણખોરી-ડ્રગ્સ સામે ગુજરાતમાં ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડ, સરહદ પર 360 ડિગ્રી નજર

**CM-ડેપ્યુટી** CMની ઉચ્ચસ્તરીય બેઠકમાં ‘વન બોર્ડર-વન પિક્ચર-વન ચેઈન ઓફ એક્શન’ પર મંથન

**ઘૂસણખોરી**, નશીલા પદાર્થોની હેરાફેરી, વસ્તી સંતુલન અને આર્થિક ગુના સહિત 6 ક્ષેત્રો પર સતત નજર

ગાંધીનગરઃ ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં ગુજરાતના સરહદી વિસ્તારોની સુરક્ષા વધુ મજબૂત અને સંકલિત બનાવવા માટે ‘વન બોર્ડર-વન પિક્ચર-વન ચેઈન ઓફ એક્શન’ના અભિગમ સાથે ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડની સમીક્ષા કરવામાં આવી હતી. ઘૂસણખોરી, નશીલા પદાર્થોની હેરાફેરી, વસ્તી સંતુલન, આર્થિક ગુના સહિતના છ મુખ્ય ક્ષેત્રો પર 360 ડિગ્રી નજર રાખી કેન્દ્રીય-રાજ્ય એજન્સીઓ તથા સરહદી તંત્ર વચ્ચે સંકલિત કાર્યવાહી વધુ અસરકારક બનાવવાનો નિર્ણય લેવાયો છે.

ગુજરાતના સરહદી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને સંકલિત બનાવવા માટે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં ‘વન બોર્ડર-વન પિક્ચર-વન ચેઈન ઓફ એક્શન’ અંતર્ગત ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડને વધુ અસરકારક બનાવવાની દિશામાં ચર્ચા કરવામાં આવી હતી. ઘૂસણખોરી, નશીલા પદાર્થોની હેરાફેરી, વસ્તી સંતુલન, આર્થિક ગુના સહિતના છ મુખ્ય ક્ષેત્રો પર સતત નજર રાખી સંકલિત રીતે કાર્યવાહી કરવા પર ભાર મૂકાયો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તાજેતરમાં ભૂજ ખાતે યોજેલી બેઠકમાં સરહદ રક્ષક દળો, કેન્દ્રીય એજન્સીઓ, રાજ્ય અને જિલ્લા તંત્ર તથા નાગરિકો એમ ચાર સ્તંભ આધારિત ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડનો ખ્યાલ આપ્યો હતો. તેના અનુસંધાને ગાંધીનગરમાં યોજાયેલી બેઠકમાં સરહદી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાનું ફ્રેમવર્ક વધુ મજબૂત અને સંકલિત બનાવવા માટે મંથન થયું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્ય પોલીસ તંત્રના સંકલનથી થઈ રહેલા પ્રયાસોની સરાહના કરી હતી. તેમણે સરહદી ક્ષેત્રોમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ, ઘૂસણખોરી, નશીલા પદાર્થોની હેરાફેરી અને ગેરકાયદે દબાણો સામે 360 ડિગ્રી દેખરેખનો અભિગમ વધુ સઘન બનાવવા જણાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સરહદી વિસ્તારની સુરક્ષાને લગતા કામોને સામાન્ય રોજિંદા કામોથી અલગ ગણાવી આવા કામોમાં ઉત્સાહી અને ખંતીલા અધિકારીઓ-કર્મચારીઓને જોડીને વિના વિલંબે પરિણામલક્ષી કામગીરી થાય તે સુનિશ્ચિત કરવા ભાર મૂક્યો હતો. તેમણે કેન્દ્રીય અને રાજ્યની એજન્સીઓને ઈન્ટિગ્રેટેડ એપ્રોચ સાથે પરસ્પર સંકલનથી કામગીરી કરવા અને ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી અટકે નહીં તેની તાકીદ કરી હતી.

# કોસંબામાં 2022ના ટ્રિપલ મર્ડરનો પર્દાફાશ, પતિ મુખ્ય સૂત્રધાર

**પત્ની-સાળીને** ફસાવવા પતિએ આપી ખોટી બાતમી, તપાસમાં ત્રણ હત્યાનો ખુલાસો

**પૌત્રી** અને તેના કૌટુંબિક ભાઈને ફસાવવાની સોપારી જેવી કહાની ઘડનાર પતિ જ પત્ની સાથે ત્રણ હત્યામાં સંડોવાયેલો હોવાનું ખૂલ્યું

**લકવાગ્રસ્ત** માતા, ટી.બી.ગ્રસ્ત સાળી બાદ વૃદ્ધ દાદીની હત્યા; દાગીના-રોકડ અને મકાન કબજે કરવાની લાલચે હત્યાઓ કર્યાનો તપાસમાં ખુલાસો

## બેરલમાં સિમેન્ટ ભરી મૃતદેહ દાટી દીધો

શાંતાબેનની હત્યા બાદ દંપતીએ મૃતદેહને બેરલમાં મૂકી તેમાં સિમેન્ટ ભરી દીધું હતું. ત્યારબાદ મૃતદેહને બેરલમાંથી બહાર કાઢી જમીનમાં ખાડો કરી દાટી દેવામાં આવ્યો હતો. આ કેસની વધુ તપાસમાં માધવદાસ અને ઉર્મિલાએ વર્ષ 2022માં જ અન્ય બે મહિલાઓની હત્યા કરી હોવાનો ખુલાસો થયો હતો. માધવદાસની માતા અને ઉર્મિલાની સાસુ મંજુલાબેન ભક્તિરામ સાધુ લકવાગ્રસ્ત હોવાથી તેમની દૈનિક સાર-સંભાળની જવાબદારીમાંથી છૂટકારો મેળવવા બંનેએ તેમનું મોઢું ઓશીકાથી દબાવી હત્યા કરી હતી. ત્યારબાદ મૃતદેહના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ઉર્મિલાની બહેન ભગવતી કમલેશભાઈ વસાવા, જે ટી.બી.ની બીમારીથી પીડાતી હતી, તેની પણ ઓશીકું દબાવી હત્યા કરી મૃતદેહ દફનાવવામાં આવ્યો હતો. તપાસ મુજબ શાંતાબેનની હત્યા પાછળ તેમની રોકડ રકમ તથા કિંમતી સામાન મેળવવા ઉપરાંત મકાન ઉપર કબજો મેળવવાનો આશય હતો. આમ, એક ખોટી બાતમીના પગલે શરૂ થયેલી તપાસે વર્ષ 2022ની ત્રણ હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે માધવદાસ ભક્તિરામ સાધુ અને ઉર્મિલા ઉર્ફે જયા માધવદાસ સાધુની સંડોવણીનો પર્દાફાશ કર્યો છે. બંને સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને વધુ તપાસ ચાલુ

અમદાવાદઃ સુરત જિલ્લાના કોસંબામાં વર્ષ 2022માં બનેલી એક વૃદ્ધ મહિલાની હત્યાની ખોટી બાતમીની તપાસ કરતાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ત્રણ વર્ષ જૂના ટ્રિપલ મર્ડરનો પર્દાફાશ કર્યો છે. શાંતાબેન ગંભીરભાઈ વસાવાની હત્યા તેમની પૌત્રી અને તેના કૌટુંબિક ભાઈએ કરી હોવાની બાતમી આપનાર પતિ માધવદાસ ભક્તિરામ સાધુ જ આખરે હત્યાનો મુખ્ય સૂત્રધાર હોવાનું બહાર આવ્યું છે. પોલીસને ગેરમાર્ગે દોરી પત્ની ઉર્મિલા ઉર્ફે જયા તથા તેના કૌટુંબિક ભાઈને ફસાવવાનો પ્રયાસ કરનાર માધવદાસે પત્ની સાથે મળીને શાંતાબેન સહિત ત્રણ મહિલાઓની હત્યા કરી હોવાનો તપાસમાં ખુલાસો થયો છે. ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે શાંતાબેનની હત્યા તેમની પૌત્રી ઉર્મિલા ઉર્ફે જયા અને તેના કૌટુંબિક ભાઈએ કરી હતી અને મૃતદેહ મકાનમાં દાટી દેવામાં આવ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી ઉર્મિલાના કૌટુંબિક ભાઈને ઝડપી લીધો હતો. જોકે પૂછપરછ અને ઉપલબ્ધ હકીકતોની તપાસમાં તેની હત્યામાં કોઈ સંડોવણી જણાઈ નહોતી. આથી પોલીસને બાતમી અંગે જ શંકા ઉપજી અને તપાસનો દોર બાતમીદાર માધવદાસ સુધી પહોંચ્યો હતો. માધવદાસની અલગ-અલગ મુદ્દે સઘન પૂછપરછ કરતાં તેના નિવેદનોમાં વિસંગતતાઓ મળી આવી હતી.

## ગુજરાત ભાડા વિધેયક સામે અમદાવાદમાં કોર્ટ બહાર વકીલોનો સૂત્રોચ્ચાર

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા પ્રસ્તાવિત ‘ગુજરાત ભાડા વિધેયક’ સામે રાજ્યભરના વકીલોમાં વિરોધ જોવા મળી રહ્યો છે. વિધેયકની કેટલીક જોગવાઈઓ સામે વાંધો ઉઠાવી વકીલોએ કામકાજથી અળગા રહી વિવિધ કોર્ટ પરિસરોની બહાર સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. અમદાવાદમાં વકીલોના વિરોધને પગલે કોર્ટની રોજિંદી કામગીરી પર પણ અસર જોવા મળી હતી.

અમદાવાદમાં સીટી સીવીલ સેસન્સ કોર્ટની બહાર આજે મોટી સંખ્યામાં વકીલોએ વિરોધ પ્રદર્શન કરી ‘ગુજરાત ભાડા વિધેયક’ સામે આક્રોશ વ્યક્ત કરી ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. વકીલોના જણાવ્યા મુજબ, પ્રસ્તાવિત ભાડા વિધેયકમાં ભાડા સંબંધિત વિવાદોના નિકાલ માટે સિવિલ કોર્ટની સત્તા અને અધિકારોમાં ઘટાડો કરવાની જોગવાઈઓ કરવામાં આવી છે.

મકાનમાલિક-ભાડૂઆતના વિવાદો સહિતના કેસોમાં સિવિલ કોર્ટની જગ્યાએ અન્ય સત્તાધિકારીઓ કે એજન્સીઓને અધિકાર આપવાથી ન્યાયિક પ્રક્રિયા પર અસર થઈ શકે તેવી રજૂઆત વકીલ મંડળો દ્વારા કરવામાં આવી છે. કોર્ટ પરિસરની બહાર વિરોધ કરી રહેલા વકીલોએ સરકાર સમક્ષ વિધેયકની જોગવાઈઓમાં જરૂરી સુધારા કરવાની અને સિવિલ કોર્ટની સત્તા યથાવત રાખવાની માંગ કરી હતી.

# ભારતીય શેરબજારમાં સતત ઘટાડા પાછળ ક્યાં પરિબળો કામ કરી રહ્યાં છે?



ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

ભારતનો વિકાસદર ૭.૮૦ ટકા પર પહોંચી ગયો તે બદલ વડા પ્રધાન મોદી પોતાની પીઠ થાબડી રહ્યા છે ત્યારે ભારતીય શેરબજારમાં કડાકા ઉપર કડાકા બોલી રહ્યા છે, જેને કારણે કરોડો રોકાણકારો રાતે પાણીએ રોઈ રહ્યા છે. ભારતીય શેરબજારમાં છેલ્લા સાત સપ્તાહથી સતત ઘટાડો ચાલુ રહ્યો છે. સોમવારે નિફ્ટી ૫૦ લગભગ છ મહિનાના સૌથી નીચા સ્તરે પહોંચી ગયો હતો, જે ૨૩,૦૦૦ ની નીચે આવી ગયો હતો. મંગળવારે પણ નિફ્ટી ૫૦ માં ઘટાડો ચાલુ રહ્યો. જે રોકાણકારો દ્વારા નિફ્ટીમાં રોકાણ કરવામાં આવ્યું હતું તેમને છેલ્લાં બે વર્ષમાં માઇનસ ૮.૧૦ ટકાનું રિટર્ન મળ્યું છે. આ વાતાવરણમાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીનો જૂન મહિનાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેમણે આર્થિક સુનામી આવવાની આગાહી કરી હતી. કેટલાક નિષ્ણાતો કહે છે કે શેરબજારના પતનનો આ તો પ્રારંભ છે. દુનિયાનું અર્થતંત્ર જે કપરા કાળમાંથી પસાર થઈ રહ્યું છે તે જોતાં શેરબજારમાં વધુ મંદી આવવાની સંભાવના દેખાઈ રહી છે.

નબળો રૂપિયો, મોંઘું ક્રુડ તેલ અને વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચવાલી ભારતીય શેર બજારના સેન્ટિમેન્ટ પર દબાણ લાવી રહી છે. બ્રેન્ટ ક્રુડ ઓઇલ પ્રતિ બેરલ ૧૦૬ ડોલરની ઉપર ટ્રેડ કરી રહ્યું છે, જ્યારે અમેરિકામાં બેન્ચમાર્ક ૧૦-વર્ષીય ટ્રેઝરી યીલ્ડ ૧૯ વર્ષની નવી ઊંચી સપાટીએ પહોંચી ગઈ છે. ૧૮ સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતના વિદેશી હૂંડિયામણના ભંડારમાં ઘટાડો થયો હતો, જે લગભગ બે વર્ષમાં સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો છે. દરમિયાન, RBI એ રૂપિયાને ટેકો આપવા માટે ડોલર વેચ્યા હતા. ખનિજ તેલના ઊંચા ભાવ અને મૂડીના ભારતમાંથી બહાર જવાને કારણે રૂપિયો ફરી એક વાર દબાણમાં આવી ગયો છે. સોમવારે બીએસઈ સેન્સેક્સ પણ ૭૦૮ પોઈન્ટ અથવા ૦.૯૭ ટકા ઘટીને ૭૨,૦૬૪ પર બંધ થયો હતો અને મંગળવારે પણ આ ઘટાડો અટક્યો નહીં. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે સાત દિવસના યુદ્ધવિરામના પ્રસ્તાવને નકારી કાઢ્યો હતો, જ્યારે ખનિજ તેલનાં બજારોએ પણ સંકેત આપ્યો હતો કે હોર્મુઝ સ્ટ્રેટ કટોકટીને કારણે ઈંધણનો પુરવઠો હજુ પણ ખોરવાયેલો છે.

ભારતનાં અને દુનિયાભરનાં શેર બજારોમાં ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે તેનું મુખ્ય કારણ એ છે કે દુનિયાભરનાં લોકોનો પેપર કરન્સીમાં વિશ્વાસ ઘટી રહ્યો છે, માટે તેઓ કાગળ ઉપરની મિલકતો વેચીને કિંમતી ધાતુઓની ખરીદી કરી રહ્યાં છે. વિશ્વની મોટા ભાગની સેન્ટ્રલ બેન્કો પોતાની પાસેના અમેરિકન ટ્રેઝરી બોન્ડ વેચીને સોનાની ધૂમ ખરીદી કરી રહી છે.

વૈશ્વિક શેરબજારો એક અઠવાડિયાના નીચલા સ્તરે ગબડ્યા હતા, જેની અસર ભારતીય શેરબજારો પર પણ પડી હતી. જાપાનનો નિક્કી ૧.૪ ટકા, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૧.૦૫ ટકા અને હેંગ સેંગ ૦.૯૬ ટકા ઘટ્યો હતો. નાસ્ડેક ૧૦૦ ફ્યુચર્સ ૦.૩ ટકા ઘટ્યા હતા, જે આગળ વધુ નુકસાન સૂચવે છે. સપ્ટેમ્બરમાં અત્યાર સુધીમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ભારતીય શેરોનું ચોખ્ખું વેચાણ કર્યું છે, જે ૨૦,૬૯૫ કરોડ રૂપિયા જેટલું છે. બે મહિનાની ખરીદી પછી FII હવે ફરીથી તેમના ભંડોળ પાછા ખેંચી રહ્યા છે. ઉચ્ચ અમેરિકન બોન્ડ યીલ્ડ અને ભારતના IPO માર્કેટમાંથી સારા વળતરને કારણે આ વલણ ચાલુ રહેવાની શક્યતા છે. મોતીલાલ ઓસ્વાલ ફાઇનાન્શિયલ સર્વિસીસના જણાવ્યા અનુસાર છેલ્લાં બે કેલેન્ડર વર્ષોમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ભારતીય શેરબજારમાંથી ૫૬ અબજ ડોલરના મોટા પાયે ઉપાડને કારણે કેલેન્ડર વર્ષ ૨૦૧૯ થી તેમના કુલ રોકાણ પ્રવાહનો સંપૂર્ણપણે નાશ થયો છે. આના કારણે છેલ્લા દાયકામાં કુલ રોકાણ પ્રવાહ શૂન્યની નજીક પહોંચી ગયો છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૬ માં વિદેશી રોકાણકારોએ અત્યાર સુધીમાં ૨૫.૬ અબજ ડોલરના મૂલ્યના ભારતીય શેરો વેચ્યા છે.

અમેરિકા-ઈરાન સંઘર્ષને કારણે પશ્ચિમ એશિયામાંથી તેલનો પુરવઠો પુનઃસ્થાપિત થઈ શક્યો નથી. આ વિક્ષેપને કારણે તેલના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ભારત માટે ક્રુડ ઓઇલ એક મુખ્ય બજાર ચાલક છે, જે તેની મોટા ભાગની ક્રુડ ઓઇલની જરૂરિયાતો આયાત કરે છે. સામાન્ય રીતે તેલના ભાવમાં લાંબા સમય સુધી વધારો ભારતીય શેરબજાર માટે નકારાત્મક હોય છે. આનાથી આયાત બિલમાં વધારો થાય છે, રૂપિયા પર દબાણ આવે છે, ફુગાવો અને વ્યાજ દરનાં જોખમોમાં વધારો થઈ શકે છે અને ઉદ્યોગોના નફા પર દબાણ આવી શકે છે. ક્રુડ ઓઇલ મોંઘું થવાનો અર્થ એ છે કે આયાત બિલ વધારે છે, જે ફુગાવા તરફ દોરી શકે છે. આનાથી RBI ના કડક વલણનું જોખમ વધે છે, જે માર્જિન અને સ્ટોક વેલ્યુએશનને અસર કરી શકે છે. તેલના ઊંચા ભાવને કારણે તેલની આયાત માટે વધુ ડોલરની જરૂર પડે છે. આનાથી ભારતની વેપાર ખાધ અને ચાલુ ખાતાની ખાધ વધી શકે છે અને રૂપિયા પર દબાણ આવી શકે છે. મોંઘું તેલ, નબળો રૂપિયો, વધતી જતી બોન્ડ યીલ્ડ અને ભૂ-રાજકીય જોખમો મળીને વિદેશી રોકાણકારોને ભારતીય બજારમાં તેમનું રોકાણ ઘટાડવા માટે પ્રેરિત કરે છે. જો પુરવઠામાં વિક્ષેપને કારણે તેલના ભાવ વધે છે, તો તેની અસર વૈશ્વિક માંગમાં સુધારો થવાને કારણે તેલના ભાવો વધે તેના કરતાં વધુ હોય છે.

યુએસ માર્કેટમાં તીવ્ર ઘટાડા પછી એશિયામાં બોન્ડ બજારો સ્થિર થયાં, પરંતુ યીલ્ડ ઊંચી રહી. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, સોમવારે યુએસ ૧૦ વર્ષના બોન્ડ યીલ્ડ ૨૦૦૭ પછીના ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યા પછી એક બેસિસ પોઇન્ટ વધીને ૫.૨૫ ટકા થયા હતા. ૩૦ વર્ષના બોન્ડ યીલ્ડ પણ એક બેસિસ પોઇન્ટ વધીને ૫.૫૬ ટકા થયા. યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો ડોલર-નિર્મિત ફિક્સ્ડ-ઇન્કમ સાધનોને વધુ આકર્ષક બનાવી શકે છે અને વૈશ્વિક ઉધાર ખર્ચમાં વધારો કરી શકે છે. આનાથી ભારત જેવાં ઉભરતાં બજારોમાં વિદેશી રોકાણનો પ્રવાહ ઘટી શકે છે.

બોન્ડ યીલ્ડ એ રોકાણકારો દ્વારા સરકાર અથવા કંપનીને નાણાં ઉછીના આપવા માટે માંગવામાં આવતું વળતર છે. બોન્ડના ભાવ અને યીલ્ડ વિરુદ્ધ દિશામાં આગળ વધે છે. જ્યારે બોન્ડના ભાવ ઘટે છે, ત્યારે યીલ્ડ વધે છે અને જ્યારે ભાવ વધે છે, ત્યારે યીલ્ડ ઘટે છે. આરબીઆઇ પણ આ વિપરીત સંબંધને સ્પષ્ટપણે જણાવે છે. યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો ડોલર-મૂળભૂત સરકારી સિક્યોરિટીઝને જોખમી ઉભરતા બજારની સંપત્તિઓ કરતાં વધુ આકર્ષક બનાવી શકે છે. આનાથી ભારતીય બોન્ડ અને શેરોમાં FII ના વેચાણમાં વધારો થઈ શકે છે અથવા તે વધુ તીવ્ર બની શકે છે, જેનાથી રૂપિયા અને મુખ્ય ભારતીય શેરબજાર સૂચકાંકોમાં કડાકો આવી શકે છે.

છેલ્લાં બે વર્ષમાં ભારતીય બજારની મંદી વિશે બ્રિટિશ અખબાર સાથે વાત કરતાં મોતીલાલ ઓસ્વાલના ચેરમેન અને સહ-સ્થાપક રામદેવ અગ્રવાલે કહ્યું કે કોવિડ પછી આપણે ત્રણથી ચાર વર્ષ સુધી લગભગ ૨૫ ટકાના દરે વૃદ્ધિ પામ્યા હતા. નિફ્ટી ૫૦ ૮,૦૦૦ થી ૨૪,૦૦૦ સુધી વધ્યો, જે ત્રણ વર્ષમાં ત્રણ ગણો વધારો હતો. આ પછી કરેક્શન આવ્યું છે. બજાર ૧૦ પગલાં આગળ વધે છે અને પછી કાં તો ત્રણ કે ચાર પગલાં પાછળ જાય છે અથવા થોડા સમય માટે તે જ સ્થિતિમાં રહે છે. હાલમાં બજાર ૨૨,૦૦૦ થી ૨૬,૦૦૦ ની રેન્જમાં છે.

છેલ્લાં પાંચ વર્ષમાં સ્થાનિક રોકાણને કારણે FPIs દ્વારા ભારે વેચાણ છતાં આપણું બજાર વધુ ઘટ્યું નથી. જો તમે ૨૦૦૦ થી શરૂ કરીને ૨૫ વર્ષના ડેટા પર નજર નાખો, તો ભારતીય કંપનીઓની ઇન્ડેક્સ સ્તરે કમાણી ૧૨ ટકાના ચક્રવૃદ્ધિ દરે વધી છે. જો તમે પાંચ વર્ષની મૂવિંગ એવરેજ પર નજર નાખો, તો તે પણ લગભગ ૧૨ ટકા છે. હાલમાં, PE રેશિયો ૨૦ ની આસપાસ છે, જે ૨૦૧૫ થી તેની સરેરાશ છે. ખૂબ જ તણાવપૂર્ણ પરિસ્થિતિઓમાં, તે ૧૮ સુધી ઘટી શકે છે. કોવિડ દરમિયાન પણ તે ૧૮ થી નીચે ગયો ન હતો. તેનું ઉપલું સ્તર ૨૪-૨૫ ની આસપાસ છે. જો હાલનું સ્તર ચાલુ રહે છે, તો તમારા પૈસા ૧૨ ટકાના દરે બમણા થવામાં લગભગ છ વર્ષ લાગશે. જો અર્થતંત્રમાં સુધારો થાય છે, તો તે પાંચ વર્ષમાં ૧૫ ટકાના દરે વધી શકે છે. તેથી ઇન્ડેક્સ પાંચથી છ વર્ષમાં બમણો થઈ શકે છે. અલબત્ત, સ્માર્ટ વેપારીઓ ઇન્ડેક્સ કરતાં વધારે વળતર મેળવી શકે છે, પરંતુ બજાર લગભગ પાંચ વર્ષમાં બમણું થવાની આગાહી કરવા પાછળ આ ગણતરી છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ભારતીય બોન્ડ અને શેરોમાં FII ના વેચાણમાં વધારો થઈ શકે છે અથવા તે તીવ્ર બની શકે છે, જેનાથી રૂપિયા અને મુખ્ય ભારતીય શેરબજારના સૂચકાંકોમાં કડાકો આવી શકે છે**

# BUSINESS મિત્ર

### ક્રૂડ તેલ અને FIIની સતત વેચવાલીથી સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં; બેન્ક નિફ્ટી 373 પોઈન્ટ મજબૂત

# બજારમાં હેટ્રિક કડાકો: સેન્સેક્સ ઉપલા મથાળેથી 600 પોઈન્ટ તૂટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 30: ભારતીય શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે પણ વેચવાલી હાવી રહી હતી અને સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જોકે, આજે બેન્ક શેરોમાં લેવાલી રહી હતી અને પોઝિટિવ રહ્યા હતા. જેથી બેન્ક નિફ્ટી પોઝિટિવ રહી હતી.

આજે પણ ભારતીય શેરબજારમાં ક્રુડ ઓઈલના ભાવમાં નજીવો વધારો થયો હતો અને વિદેશી રોકાણકારોની સતત વેચવાલી ચાલુ રહી હતી, જેથી શેરબજારનું સેન્ટિમેન્ટ ખરડાયેલું રહ્યું હતું. જેના પરિણામે સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. આજે સેન્સેક્સ ઉપલા સ્તરેથી 600 પોઈન્ટ ઘટ્યો હતો. યુએસ બોન્ડ યીલ્ડના વધારાની પણ બજાર ઉપર અસર જોવા મળી હતી.

સેકટર વાઈઝ જોઈએ તો ફાર્મા, મેટલ અને એફએમસીજી શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે મીડિયા, રિયલ્ટી અને પ્રાઈવેટ બેન્કોના શેરોમાં વધારો થયો હતો. બ્રોડર માર્કેટમાં મિશ્ર વલણ રહ્યું હતું.

બીએસઈ સેન્સેક્સ 48.78 પોઈન્ટ એટલે કે 0.07 ટકા ઘટીને 72480.29 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 73062 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72366 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 87.65 પોઈન્ટ એટલે કે 0.42 ટકા ઘટીને 22620.45 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22800 પોઈન્ટની સપાટી કુદાવીને 22809 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22595 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 373.10 પઈન્ટ એઠલે કે 0.69 ટકા વધીને 54633.05 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ફર્સ્ટસોર્સ સોલ્યુશન્સમાં 9.09 ગણા, કજરીયા સીરામીક્સમાં 5.25 ગણા, અપોલો હોસ્પિટલમાં 2.92 ગણા, મહારાષ્ટ્ર સીમલેસમાં 2.85 ગણા અને એક્યુટાસ કેમિકલ્સમાં 2.79 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે રાઈટસ લિ.માં 86.36 ગણા, ઈરકોન ઈન્ટરનેશનલમાં 29.82 ગણા, જ્યુપીટર વેગન્સમાં 25.61 ગણા, કેએસબી લિ.માં 22.18 ગણા અને સન ટીવી નેટવર્ખમાં 10.38 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં મિશ્ર વલણ રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેકેસ 0.17 ટકા સુધારો દર્શાવ્યો હતો, જ્યારે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ સપાટ રહ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2314 શેરો વધ્યા હતા, જ્યારે 2241 શેરો ઘટ્યા હતા અને 239 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ફાર્મા ઈન્ડેકસમાં આજે પ્રત્યાઘાતી ઘટાડો જોવાયો હતો. જે 1.84 ટકા ઘટ્યો હતો. જેમાં ગ્લેનમાર્ક ફામા, વોકહાર્ટ, ઝાયડસ લાઈફસાયન્સીસ, ગ્લેન્ડ ફાર્મા, સન ફાર્મા, સાંઈ લાઈફ સાયન્સીસ, સીપલા, ટોરેન્ટ ફાર્મા, બાયોકોન અને આલ્કેમ લેબ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફયુચર્સ 72 પોઈન્ટ સુધારા સાથે ચાલી રહ્યો હોવાથી આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે.

યુરોપિયન અને યુએસ મેક્રો ઈકોનોમિક ડેટાની અપેક્ષા પાછળ યુરોપિયન બજારોમાં ઘટાડો નોંધાયો હતો. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે અગ્રણી તકનીકી અધિકારીઓ એઆઈ વિકાસ માટે સ્વૈચ્છિક સલામતી ધોરણો સ્થાપિત કરવા સમંત થયા છે તે પછી તકનીકી અને સેમિકન્ડકટરની પાછળ બજારોને તેજીનો સપોર્ટ મળ્યો હતો. બીજી તરફ, વૈશ્વિક બોન્ડ યીલ્ડ અને ક્રુડ ઓઈલના ભાવ ઘટતા મોટા ભાગના એશિયન બજારો પોઝિટિવ રહ્યા હતા. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.01 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.70 ટકા અને ડેક્સ 0.24 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.08 ટકા, હેંગસેંગ 0.21 ટકા, તાઈવાન 0.64 ટકા અને શાંઘાઈ 0.31 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે સ્ટ્રેઈટસ 0.69 ટકા, કોસ્પી 0.48 ટકા અને જકાર્તા 0.83 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 17 પૈસા સુધર્યો હતો. ક્રુડ ઓઇલના ભાવમાં નરમાશ અને બોન્ડ યીલ્ડ ઘટતા 95.82ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.99ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 108.89, પાઉન્ડ 127.77, કેનેડિયન ડોલર 67.48, ઓસ્ટ્રેલિયન ડોલર 67.07, જાપાનીઝ યેન 0.6107 અને સીંગાપોર ડોલર 74.86ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.82 રૂ. |
| યુરો | 108.89 રૂ. |
| પાઉન્ડ | 127.77 રૂ. |
| યેન | 0.6102 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -48.78 | 72480.29 |
| નિફ્ટી | -95.75 | 22620.45 |
| બેન્ક નિફ્ટી | 373.10 | 54633.05 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક મહિન્દ્રા બેન્ક | 2.71 | 417.00 |
| ઇન્ટરગ્લોબ | 2.30 | 4984.00 |
| ICICI બેન્ક | 2.28 | 1321.70 |
| વિપ્રો | 1.09 | 158.50 |
| ટેક મહિન્દ્રા | 0.89 | 1524.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અપોલો હોસ્પિટલ | 5.70 | 8165.50 |
| મેક્સ હેલ્થકેર | 5.33 | 929.80 |
| સીપલા | 2.41 | 1346.00 |
| ઇટર્નલ | 2.39 | 320.00 |
| ઓએનજીસી | 1.83 | 225.80 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક મહિન્દ્રા બેન્ક | 2.86 | 417.60 |
| ICICI બેન્ક | 2.31 | 1322.50 |
| ઇન્ટરગ્લોબ | 2.05 | 4980.00 |
| એક્સીસ બેન્ક | 1.41 | 1226.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.18 | 10975.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 2.31 | 319.45 |
| સન ફાર્મા | 2.15 | 1820.00 |
| ટાઇટન કંપની | 2.01 | 4590.00 |
| અદાણી પોર્ટસ | 1.76 | 1786.05 |
| ટાટા સ્ટીલ | 1.76 | 184.65 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ ” | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ ” | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ ” | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૯૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-૩૦ | ૫૧૦૦ |
| એસ-૩૦ | ૫૦૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૯૦૦ |
| એસ-૩૦ | ૪૮૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૩૫૯૦ |
| તેજાબી સોનું | ૧૫૩૫૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૫૯૧૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૦૫૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૩૫૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૮૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૦૧૦૦ |

# RBI આગામી 1 વર્ષમાં વ્યાજદરમાં 1.25% સુધીનો વધારો કરી શકે છે

**મોંઘવારી** અને ક્રૂડના દબાણ વચ્ચે ગ્લોબલ એજન્સીઓના અલગ-અલગ અંદાજ

નવી દિલ્હી, તા. 30: ક્રુડ ઓઇલના ઉંચા ભાવ, ઉંચો રિટેલ ફુગાવો અને વૈશ્વિક બેન્કોના હોકીંગ વલણ વચ્ચે ભારતીય રિઝર્વ બેન્ક એક જટિલ આર્થિક પડકાર ઉભો થયો છે. ફાઈનાન્સીયલ માર્કેટસ આગામી એક વર્ષમાં વ્યાજદરમાં 125 બેસીસ પોઈન્ટ એટલે કે 1.25 ટકા સુધઈનો વધારો કરે તેવી અપેક્ષા છે.

જેક, વિશ્વની અગ્રણી બ્રોકરેજ કંપનીઓ અને ગ્લોબલ ઈકોનોમીક ડેસ્ક વચ્ચે રિઝર્વ બેન્ક વ્યાજદરમાં કેટલીક ઝડપથી અને કેટલી હદ સુધી વધારો કરશે તે અંગે તીવ્ર તફાવત છે.

પીઢ બ્રોકરેજ કંપનીઓ બોફા, એચએસબીસી અને મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે ફુગાવા અને લિક્વિડિટીના દબાણને નિયંત્રિત કરવા માટે આરબીઆએ શક્ય તેટલી વહેલી તકે વ્યાજદરમાં વધારો કરવો પડશે.

બોફાએ તેની અગાઉની સમયમર્યાદા પાછળ ધકેલી દીધી છે અને આગહી કરી છે કે આરબીઆઇ ઓખટોબરમાં જ રેપો રેટમાં વધારો કરવાનું શરૂ કરી શકે છે. બોફાનું માનવું છે કે આ સમગ્ર ચક્ર કુલ 100 બેસિસ પોઈન્ટ વધશે અને ટ4મિનલ રેપો રેટ વધીને 6.25 ટકા થશે.

મોર્ગન સ્ટેનલી પણ ઓકટોબરમાં 25 બેસીસ પોઈન્ટના વધારાની અપેક્ષા રાખે ચે. એનો અંદાજ છે કે એપ્રિલ 2027 સુધીમાં રેપો રેટ વધીને 6.25 ટકાના સ્તર સુધી પહોંચી જશે. જેથી બ્રાહ્ય આર્થિક સ્થિરતા જળવાઇ રહે.

એચએસબીસીએ બેન્કીગ સીસ્ટમમાં હાજર વધારાની રોકડ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે, એફસએનઆર બી ડિપોઝીટ જેવી સ્પેશ્યલ વિન્ડો દ્વારા જંગી વિદેશી હુંડિયામણના પ્રવાહને કારણે બેન્કીગ સીસ્ટમમાં આશરે 15 લાખ કરોડ રૂપિયાની લિક્વિડિટી સરપ્લસ એકઠી થઇ છે. એસએસબીસીનું કહેવું છે કે નાણાકીય સ્થિરતા જાળવવા માટે આરબીઆઈએ રેપો રેટમાં વધારો કરવો પડશે તેમજ મલ્ટી ટ્રીલિયન રૂપિયાની સરપ્લસને સીસ્ટમમાંથી બહાર કાઢવી પડશે.

નોમુરાનું માનવું છે કે, આરબીઆઈ વધુ આક્રમક પગલા લેશે નહીં. નોમુરાના જણાવ્યા અનુસાર આરબીઆઇ ઓકટોબર અને ડિસેમ્બરમાં 25-25 બીપીએસના બે નાના વધારા સાથે રેપો રેટને 5.75 ટકા સુધી લઇ જશે, ત્યારબાદ 2027ની શરૂઆતથી નાણાકીય કડક દબાણ હળવું શરૂ થશે.

# પટરી પર પાછી ફરી તેજી: રેલવે પીએસયુ શેરોમાં 18% સુધીનો ઉછાળો

**મજબૂત** ઓર્ડરબુકના જોરે IRCON અને RVNL સહિતના સ્ટોક્સ ગ્રીન ઝોનમાં; ભારે વોલ્યુમ સાથે જોરદાર રિબાઉન્ડ

મુંબઈ, તા. 30 : બુધવારે રેલવે ક્ષેત્રના શેરોની માંગ જોવા મળી હતી, જેમાં રેલવેની મુખ્ય જાહેર ક્ષેત્રની કંપનીઓના (PSUs) શેરોમાં ભારે ટ્રેડિંગ વોલ્યુમ વચ્ચે BSE પર ઈન્ટ્રા-ડે કારોબાર દરમિયાન 18 ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો.

આજે રેલવે ઈકોસિસ્ટમના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત કંપનીઓમાં વૃદ્ધિ જોવા મળી હતી, જેમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એન્જિનિયરિંગ, વેગન ઉત્પાદન, ધિરાણ અને સંબંધિત સેવાઓનો સમાવેશ થાય છે. IRCON ઈન્ટરનેશનલ, રેલ વિકાસ નિગમ લિમિટેડ (RVNL) અને ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) ના શેરોમાં ભારે ટ્રેડિંગ વોલ્યુમ સાથે ખરીદી જોવા મળી. આમાં IRCON ઈન્ટરનેશનલ સૌથી આગળ રહ્યું હતું અને તેના શેરમાં 20 ટકા સુધીનો ઉછાળો આવતા તે એક મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો, જોકે બાદમાં ઉપરી સ્તરે રોકાણકારો દ્વારા પ્રોફિટ બુકિંગ આવતા તેમાં થોડો ઘટાડો નોંધાયો હતો. IRCON 14.57 ટકા વધીને રૂ. 117.09, RVNL 1.95 ટકા વધીને રૂ. 201.76, રેલટેલ 2.47 ટકા વધીને રૂ. 265.65 તેમજ ટેક્સમેકો 4.82 ટકા વધીને રૂ. 131.73 પર બંધ રહ્યા હતા. છેલ્લા એક વર્ષમાં રેલવે સ્ટોકમાં 30 થી 40 ટકા ઘટાડો નોંધાયો હતો. પરંતુ આજે તેમાં, મજબૂત ઓર્ડરબુકને લઈને રિબાઉન્ડ જોવા મળ્યું. કંપનીઓના ઓર્ડર બુક જોઈએ તો, RVNL પાસે રૂ. 93,000 કરોડ, ઈરકોન પાસે રૂ. 23,366 કરોડ, titagarh પાસે રૂ. 26,635 કરોડ, રેલટેલ પાસે રૂ. 11,747 કરોડ અને RITES પાસે રૂ. 9,450 કરોડની ઓર્ડર બુક છે.